**વંચાણે :–** અત્રેની કચેરીના તા.૨૪/૦૪/૨૦૧૨ના પરિપત્ર ક્રમાંક જાન.નકૃયુ/રજી/અ–૩–૩/માહિતી/ ૫૦૬૮/ ૨૦૧૪

**CCTV CAMERAની મોનીટરીંગ કરવાની જવાબદારી સોંપવા તેમજ માસના અંતે મોનીટરીંગ અંગેનો રીપોર્ટ મોકલવા બાબત.**

## –:: પરિપત્ર ::–

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની તાબા હેઠળની યુનિટ/સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, અત્રેની કચેરીના ઉકત વંચાણે લીધેલ તા.૨૪.૦૪.૨૦૧૪ના પરિપત્રથી યુનિવર્સિટીની જાહેર જગ્યાઓ, વિવિધ કચેરીઓના મુખ્ય ધ્વાર, કેમ્પસના મેઈન ગેટ, ગેસ્ટ હાઉસ, વિદ્યાર્થિઓની હોસ્ટેલો તેમજ કોલેજોના મુખ્ય ધ્વાર / કલાસરૂમો વગેરે જગ્યાઓએ લગાવવામાં આવેલ CCTV CAMERAની મોનીટરીંગ કરવાની જવાબદારી કયા–કયા અધિકારી/ કર્મચારીને સોંપવામાં આવેલ છે તેની માહિતી મોકલવા જણાવેલ પરંતુ આજ દિન સુધી ઉકત માહિતી મોટાભાગની કચેરીઓની મળવામાં નથી તેમજ જે કચેરીઓની માહિતી અત્રે મળેલ છે તેમા મોટાભાગની કચેરીઓમાં CCTV CAMERAની મોનીટરીંગ કરવાની જવાબદારી કોઈપણ અધિકારી/ કર્મચારીને સોંપવામાં આવેલ નથી. જે જેતે કચેરીના વડા તેમજ ડિનશ્રીઓ તથા અધિકારીઓની નિષ્કાળજી દર્શાવે છે. CCTV CAMERA લગાવવામાં આવેલ હોય અને મોનીટરીંગ તેમજ બેકઅપ લેવામાં આવતો ન હોય તો CCTV CAMERAનો કોઈ અર્થ રહેતો નથી. માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર દરેક કચેરીના વડાશ્રીઓએ CCTV CAMERAની મોનીટરીંગ કરવાની જવાબદારી જેતે કચેરીના અધિકારી / કર્મચારીને સોંપવી. CCTV CAMERA લગાવવાનો મુળભૂત આશય જે તે સમયે બનેલ ઘટના જેવી કે ચોરી, લુંટફાટ, અનઅધિકૃત વ્યકિતનો કચેરી સમય બાદ પ્રવેશ, યુનિવર્સિટીના નિતીનિયમો વિરૂધ્ધની કોઈપણ જાતની ગતિવિધી જેવી બાબતોનું વિડીયો રેકોડીંગ થવાથી કોઈપણ જાતની કાયદાકીય કે નિતિવિષયક બાબતોના અમલ કરવા માટે જરૂરી આધાર પુરાવા તરીકે તેનો ઉપયોગ થઈ શકે તે છે. જેથી મોનીટરીંગ કરનાર અધિકારી કે કર્મચારીએ જયારે પણ કોઈપણ બાબતે CCTV CAMERA ના ફુટેજનો ઉપયોગ આધાર પુરાવા તરીકે કરવાનો હોય તો તાત્કાલીક ઘટના બન્યા બાદ તેનું રેકોડીંગ લઈ નિયંત્રણ અધિકારીને રીપોર્ટ કરવાનો રહેશે. સદર બાબતનો અમલ આજ્ઞાનુંસાર અચૂક કરવાનો રહેશે. તેમજ હવેથી દરેક માસના અંતે મોનીટરીંગ અગેનો અહેવાલ આ સાથે સામેલ પત્રક મુજબ તૈયાર કરી દરેક માસના અંતે અત્રેની કચેરીને અચૂક મોકલવાનો રહેશે.

**વધુમાં સદર માહિતી ફકત regiadm3.3@nau.in પર જ મોકલવી તેમજ હાર્ડ કોપીમાં માહિતી મોકલવી નહી.**

**જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/માહિતી/ ૫૩૫૦-૯૯/૨૦૧૪.**
**નવસારી. તારીખઃ ૧૩ /૦૫/૨૦૧૪.**

**કુલસચિવ**

નકલ સવિનય રવાનાઃ–
નવસારી કૃષિ યુવિનર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ પરિપત્રમાં જણાવ્યા મુજબની માહિતી દરેક માસના અંતે મોકલવા સારું.

# CCTV CAMERAની મોનીટરીંગ અંગેનો અહેવાલ

| **કચેરીનું નામ :–** | | | |
|---|---|---|---|
| **અ.નં.** | **વિગતો** | | **મોનીટરીંગનો અહેવાલ** |
| ૧. | CCTV CAMERAની મોનીટરીંગ કરનાર<br>અધિકારી / કર્મચારીનું નામ અને હોદ્દો | :– | |
| ૨. | લગાવવામાં આવેલCCTV CAMERAની સંખ્યા | :– | |
| ૩. | લગાવવામાં આવેલCCTV CAMERAની કુલ સંખ્યા પૈકી ચાલુ હાલતમાં કેટલા અને બંધ હાલતમાં કેટલા કેમેરા છે તે ની વિગત | :– | ચાલુ હાલતમાં :<br>બંધ હાલતમાં : ___________<br>કુલઃ |
| ૪. | CCTV CAMERAની મોનીટરીંગનો સમય ગાળો | :– | તા. / / થી તા. / / |
| ૫. | CCTV CAMERAનું બેકઅપ લેવામાં આવેલ છે કે કેમ? | :– | હા / ના |
| ૬. | CCTV CAMERAનું બેકઅપ લેવામાં આવેલ ન હોય તો<br>તેના કારણો દર્શાવવા | :– | |
| ૭. | કચેરીમાં કોઈ પણ ઘટના બનેલ હોય તેના ફુટેજના રેકોર્ડીંગ સાથે તાત્કાલીક રીપોર્ટ કરવામાં આવેલ છે તેની સંક્ષિપ્ત માહિતી આપવી | :– | |

**કચેરીના વડાની સહી અને સીકકો**